# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું રોજગાર મેળો વિકસિત ભારત બનાવવા માટે પ્રેરણા આપવાની સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.
2. કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે આજે તિરુવનંતપુરમમાં નવા ભાજપ રાજ્ય કાર્યાલય ભવનનું ઉદ્ઘાટન કર્યું.
3. પ્રસાર ભારતી અને હેન્ડબોલ એસોસિએશન ઓફ ઈન્ડિયાએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હેન્ડબોલ સ્પર્ધાઓનું પ્રસારણ કરવા માટે ત્રણ વર્ષનો કરાર કર્યો
4. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે યમનમાં સશસ્ત્ર હૌથી જૂથ દ્વારા લાલ સમુદ્રમાં નાગરિક જહાજો પર ફરી હુમલાઓની કડક નિંદા કરી છે.
5. એન્ડરસન-તેંડૂલકર ક્રિકેટ ટ્રોફીની ત્રીજી ટેસ્ટમાં ત્રીજા દિવસે ભારત પ્રથમ ઇનીંગમાં 3  વિકેટે 145 રનથી આગળ વધશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# REV. DAY PM-ROZGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભાર મૂક્યો હતો કે રોજગાર મેળો યુવાનોને સશક્ત બનાવવા અને તેમને વિકસિત ભારત બનાવવા માટે પ્રેરણા આપવાની સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. શ્રી મોદીએ કહ્યું કે આજે, વિશ્વ સ્વીકારે છે કે ભારતમાં બે અમર્યાદિત શક્તિઓ છે, એક વસ્તી વિષયક અને બીજી લોકશાહી. પ્રધાનમંત્રીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વિવિધ સરકારી વિભાગોમાં નવા નિયુક્ત યુવાનોને 51 હજારથી વધુ નિમણૂક પત્રોનું વિતરણ કર્યા પછી 16મા રોજગાર મેળામાં સંબોધન કરતાં આ મુજબ જણાવ્યું હતું. નવા ભરતી થયેલા યુવાનોને અભિનંદન આપતા શ્રી મોદીએ કહ્યું કે સરકારની રોજગાર મેળા પહેલથી લાખો યુવાનોએ કેન્દ્ર સરકારમાં કાયમી નોકરીઓ મેળવી લીધી છે. તેમણે ઉમેર્યું કે આ યુવાનો હવે રાષ્ટ્ર નિર્માણમાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે.

**(BYTE: PM-MODI-YOUTH)**

શ્રી મોદીએ દેશમાં વિકસિત થઈ રહેલા સ્ટાર્ટઅપ્સ, નવીનતા અને સંશોધનના વધતા જતા ઇકોસિસ્ટમ પર ભાર મૂક્યો, અને કહ્યું કે તે દેશના યુવાનોની ક્ષમતાઓમાં વધારો કરી રહ્યું છે.

**(BYTE: PM--STARTUP)**

શ્રી મોદીએ યુવાનોને નાગરિક કેન્દ્રિત નીતિ અપનાવવા અનુરોધ કર્યો હતો.

**(BYTE: PM--CITIZEN-FRIST)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM-UNESCO HERITAGE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુનેસ્કોની વિશ્વ ધરોહર યાદીમાં મરાઠા લશ્કરી સ્થળોના  સમાવેશની પ્રશંસા કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે દરેક ભારતીયને આ સન્માન પર ગર્વ છે. તેમણે કહ્યું કે મરાઠા લશ્કરી સ્થળોમાં 12 ભવ્ય કિલ્લાઓનો સમાવેશ થાય છે, જેમાંથી 11 મહારાષ્ટ્રમાં અને એક તમિલનાડુમાં છે. શ્રી મોદીએ કહ્યું કે મરાઠા શાસકો સુશાસન, લશ્કરી પરાક્રમ, સાંસ્કૃતિક ગૌરવ અને સામાજિક કલ્યાણ કાર્ય માટે જાણીતા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## DAY AMIT SHAH-KERALA VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે આજે તિરુવનંતપુરમમાં નવા ભાજપ રાજ્ય કાર્યાલય ભવનનું ઉદ્ઘાટન કર્યું. શ્રી શાહે નવી ઇમારતના સેન્ટ્રલ હોલમાં ભૂતપૂર્વ ભાજપ પ્રદેશ પ્રમુખ કેજી મરારની કાંસ્ય પ્રતિમાનું અનાવરણ કર્યું અને કાર્યાલય પરિસરમાં એક છોડ રોપ્યો હતો. ભાજપના પ્રદેશ પ્રમુખ રાજીવ ચંદ્રશેખર સહિત

ભાજપના વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહયા હતા. બાદમાં શ્રી શાહ તિરુવનંતપુરમના પુથરીકંદમ મેદાનમાં ભાજપ વોર્ડ-સ્તરીય નેતૃત્વ બેઠકને પણ સંબોધિત કર્યું હતું.

(બાઇટ- અમિત શાહ,)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત સમાચાર આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

# HANDBALL-PRASAR BHARATI

પ્રસાર ભારતી અને હેન્ડબોલ એસોસિએશન ઓફ ઈન્ડિયાએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હેન્ડબોલ સ્પર્ધાઓનું પ્રસારણ કરવા માટે ત્રણ વર્ષનો

કરાર કર્યો છે. આ કરાર હેઠળ, બધી મેચોનું પ્રસારણ ડીડી સ્પોર્ટ્સ, વેવ્સ ઓટીટી અને પ્રસાર ભારતીના અન્ય પ્લેટફોર્મ પર કરવામાં આવશે.

પ્રસાર ભારતીના મુખ્ય કાર્યકારી અધિકારી ગૌરવ દ્વિવેદી અને હેન્ડબોલ એસોસિએશન ઓફ ઈન્ડિયાના કાર્યકારી નિર્દેશક આનંદેશ્વર પાંડેએ કરારનું આદાન પ્રદાન કર્યું. આ પ્રસંગે પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીતકુમાર સેહગલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કરારનો ઉદ્દેશ્ય દેશમાં આ હેન્ડબોલ રમતની પહોંચ વધારવાનો અને નવી પ્રતિભાઓને તકો પૂરી પાડવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## UN CHIEF HOUTHI

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે યમનમાં સશસ્ત્ર હૌથી જૂથ દ્વારા લાલ સમુદ્રમાં નાગરિક જહાજો પર ફરી હુમલાઓની કડક નિંદા કરી છે. આ મહત્વપૂર્ણ જળમાર્ગ પર બે વ્યાપારી જહાજોનું ડૂબવું અને ચાર ક્રૂ સભ્યોના મૃત્યુ અને અન્ય ઘાયલ થવું એ એક દુખદ ઘટના હોવાનું મહાસચિવના પ્રવક્તા સ્ટીફન ડુજારિકે ગઈકાલે જણાવ્યું હતું.

શ્રી ગુટેરેસે હૌથી બળવાખોરોને ગુમ થયેલા ક્રૂ માટે શોધ અને બચાવ કામગીરીમાં અવરોધ ઊભો થાય તેવી કોઈ કાર્યવાહી ન કરવા

હાકલ કરી હતી. તેમણે કહ્યું છે કે તમામ પક્ષોએ હંમેશા આંતરરાષ્ટ્રીય કાયદાનું સન્માન કરવું જોઈએ.

નવેમ્બર 2023 થી હૌથીઓએ લાલ સમુદ્ર અને એડનના અખાતમાં મિસાઇલો, ડ્રોન અને નાની બોટથી લગભગ 70 વેપારી જહાજોને નિશાન બનાવ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SITHARAMAN-MEGHALAYA

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે ગઈકાલે મેઘાલયમાં એક હજાર 87 કરોડ 81 લાખ રૂપિયાના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો.

શિલોંગના ઇન્ટરનેશનલ સેન્ટર ફોર પર્ફોર્મિંગ આર્ટ્સ એન્ડ કલ્ચર, લારીટી ખાતે આયોજિત કાર્યક્રમમાં બોલતા નાણાંમંત્રીએ મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ કે. સંગમાના નેતૃત્વમાં મેઘાલયના ટકાઉ વિકાસ અને સાહસિક દ્રષ્ટિકોણની પ્રશંસા કરી હતી.

સુશ્રી સીતારામણે જણાવ્યું હતું કે મેઘાલયને મૂડી રોકાણ માટે રાજ્યોને ખાસ સહાય હેઠળ ફાળવવામાં આવેલા પાંચ હજાર 400 કરોડનો સંપૂર્ણ ઉપયોગ કર્યો છે જ્યારે ઘણા રાજ્યો મંજૂર કરાયેલ રકમનો સંપૂર્ણ ઉપયોગ કરી શક્યા નથી.

શ્રીમતી સીતારમણે જણાવ્યું હતું કે મેઘાલયમાં 540 કિલોમીટરથી વધુ રસ્તાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે, જે 2014 થી ઓપ્ટિકલ ફાઇબર કવરેજમાં પાંચ ગણો વધારો છે. તેમણે જળ જીવન મિશન, પ્રધાનમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, સ્વચ્છ ભારત મિશન અને અન્ય યોજનાઓમાં રાજ્યના પ્રદર્શનની પણ પ્રશંસા કરી હતી.

મુખ્યમંત્રી કોનરાડ કે. સંગમાએ પોતાના સંબોધનમાં કહ્યું કે નાણામંત્રીની મુલાકાત માત્ર સત્તાવાર કાર્યક્રમો માટે જ નહીં પરંતુ રાજ્યના નાગરિકો સાથે જોડાવા અને તેમની સમસ્યાઓ સમજવા માટે પણ મહત્વપૂર્ણ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MORN WIMBELDON

લંડનમાં રમાઈ રહેલી વિમ્બલ્ડન ટેનિસના મહિલા સિંગલ્સની ફાઇનલમાં આજે પોલેન્ડની ઇગા સ્વિયાટેકનો મુકાબલો અમેરિકાની અમાન્ડા અનિસિમોવા સામે થશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે સાડા આઠ વાગ્યે શરૂ થશે. સેમિફાઇનલમાં સ્વિયાટેકે સ્વિટ્ઝર્લેન્ડની બેલિન્ડા બેનસિકને હરાવી અને અનિસિમોવાએ બેલારુસની આર્યના સબાલેન્કાને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો.

દરમિયાન યાનિક સિનર અને કાર્લોસ અલ્કારાઝ પુરુષોની સિંગલ્સની ફાઇનલમાં પહોંચી ગયા છે. ગઈકાલે સેમિફાઇનલમાં સિનરએ નોવાક જોકોવિચને 6-3, 6-3, 6-4થી હરાવીને જ્યારે અલ્કારાઝે અમેરિકાના ટેલર ફ્રિટ્ઝને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

સિનર અને અલ્કારાઝ સતત બીજા ગ્રાન્ડ સ્લેમની ફાઇનલમાં

એકબીજાનો સામનો કરશે. ગયા મહિને, બંને વચ્ચે ફ્રેન્ચ ઓપન ફાઇનલ યોજાઈ હતી. જેમાં અલ્કારાઝ વિજયી રહ્યો હતો.

. . . . . . . . . . . . . . . .

# MEA-COUNTER TERRORISM REPORT

ભારતે આતંકવાદ વિરોધી સંયુક્ત કાર્યકારી જૂથો દ્વારા 26 દેશોને સામેલ કરીને વિશ્વ શાંતિ અને સુરક્ષા પ્રત્યે પોતાની દ્રઢ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયના 2024ના વાર્ષિક અહેવાલ મુજબ આ સંવાદ આતંકવાદના વધતા જોખમને રોકવા માટે આંતરરાષ્ટ્રીય સહકાર  વધારવાના ભારતના પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે.

અહેવાલમાં જણાવાયું છે કે ભારત આતંકવાદનો સામનો કરવા માટે બિમસ્ટેક, G 20,  આસિયાન પ્રાદેશિક મંચ, શાંઘાઈ સહકાર સંગઠન, બ્રિક્સ, યુરોપિયન સંઘ, FATF અને આતંકવાદ વિરોધી ક્વાડ ફોરમ જેવી પ્રાદેશિક અને બહુપક્ષીય સંસ્થાઓ સાથે સહકાર  કરી રહ્યું છે.

આતંકવાદ વિરોધી સંયુક્ત કાર્યકારી જૂથની બેઠકો અમેરિકા, કઝાકિસ્તાન, ફ્રાન્સ, યુરોપિયન સંઘ, યુકે, જાપાન, ઓસ્ટ્રેલિયા, ઇન્ડોનેશિયા, સાઉદી અરેબિયા અને રશિયા સાથે યોજાઈ હતી. ભારતે બેઇજિંગમાં

યોજાયેલી શાંઘાઈ સહકાર સંગઠન પરિષદના પ્રાદેશિક આતંકવાદ વિરોધી માળખાના કાનૂની નિષ્ણાતોના જૂથની બેઠકમાં ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TEST CRICKE-IND vs ENG

લંડનમાં લોર્ડ્સ ખાતે ઇંગ્લેન્ડ સાથેની એન્ડરસન-તેંડુલકર ક્રિકેટ ટ્રોફીની ત્રીજી ટેસ્ટના ત્રીજા દિવસે આજે ભારત પ્રથમ ઇનિંગમાં ત્રણ વિકેટે 145 રનથી આગળ રમશે.

ગઈકાલની રમતના અંતે કે એલ રાહુલ 53 અને ઋષભ પંત 19 રન સાહે રમતમાં હતા. યશસ્વી જયસ્વાલે 13, કરુણ નાયર 40 અને શુભમન ગિલ 16 રન બનાવ્યા હતા. ભારત હજુ પણ ઇંગ્લેન્ડથી 242 રન પાછળ છે. અગાઉ, ઇંગ્લેન્ડની ટીમ પ્રથમ ઇનિંગમાં 378 રન જ બનાવી શકી હતી. જસપ્રીત બુમરાહે પાંચ વિકેટ લીધી હતી. પાંચ મેચની શ્રેણીમાં બંને ટીમો 1-1 થી બરાબર છે.

. . . . . . . . . . . . . . .